ક્રિમી.પરચુરણ અરજી નંબરઃ4940–2025

<u>આંક–૦૧ ની અરજી લગત હુકમ</u>

૧). આ કામના અરજદારની અરજી તથા રજુ થયેલ પેપર્સ વંચાણે લીધા. પોલીસ અભિપ્રાય વંચાણે લિધો.

૨). હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છેકે, તેઓ અરજીમા જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાઈબર ક્રાઈમનો બનાવ બનેલ જે બનાવમા તેઓની બેંક Kotak Mahindra Bank ના ખાતા નંબર/ક્રેડીટ કાર્ડ નંબરઃ6245296826 માંથી રૂ.9000/– ઉપડી ગયેલ હતા જે બાબતે તેઓએ ફરીયાદ નોંધાવેલ હતી જે સબબ ફરીયાદના અનુસંધાને સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા સામાવાળાની બેંક HDFC Bank ના ખાતા નંબરઃ50100352063854 માં રૂ.8900/– તથા HDFC Bank ના ખાતા નંબરઃ50100352063854 માં રૂ.100/–ગયેલ હોવાનુ જણાવી સદર રકમ ફ્રિઝ કરાવેલ છે જે રકમ હાલ સુધી સદર બેંકમાં જેમની તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદાર વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. સદર રકમ પરત સોંપવામાં ન આવે તો અરજદારને આર્થિક નુકશાન થાય તેમ છે સદર નાણાં તેઓના ગુજરાન ચલાવવા માટે જરૂર હોય, તેઓના ખાતામાં રકમ પરત અપાવવા માટે યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

૩). સદરહુ અરજી બાબતે પોલીસ અભિપ્રાય મંગાવતા પોલીસ અધિકારીશ્રીએ જણાવેલ છે કે, હાલમાં અરજદાર સાથે સાઈબર ક્રાઈમનો બનાવ બનેલ જેમાં અરજદારના એકાઉન્ટમાંથી અરજદારની અરજી મુજબના નાણાં ઉપડી ગયા હતા જે બાબતે અરજદારે પોતાની ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદના આધારે અરજદારના ખાતામાંથી ગયેલ નાણાં પૈકી સામાવાળાની ઉપરોક્ત ખાતામાં ગયેલ નાણાં ફ્રિઝ કરાવેલ છે જે નાણાં પાછા મેળવવા માટે અરજદારે અરજી કરેલ હોય અને તે સારૂ પોલીસ અભિપ્રાય માંગેલ જે બાબતે તેઓએ જણાવેલ છે કે, અરજદારના નાણાં સામાવાળાના જે ખાતામાં ગયેલ તે બેંક ખાતા બનાવટી હોવાનુ તપાસમાં જાણવા મળેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓએ પોલીસ સમક્ષ કોઈ વાંધો તકરાર લિધેલ નથી જેથી તે રૂપીયા અરજદારને પરત આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

૪). આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકિકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણાં બેંક ખાતામાં ફ્રિઝ કરેલ હોય તેથી રોકડ રકમનાં દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યમાં પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ.ગુજરાત રાજ્ય,૨૦૦૩ (૧) જી.એલ.એચ.ના પાના નંબરઃ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય, ન્યાયના વિશાળ હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

– અરજદાર મોહમદ યુનુસ અબ્દુલ ગફાર શેખની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

– અરજદારને સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકડ રકમનાં જાત જામીન (બોન્ડ) પોલીસ સ્ટેશનમાં આપેથી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરુપે પરત સોંપવામાં આવે છે.

– વધુમાં હુકમ કરવામાં આવે છે કે અરજદાર દ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેન્કને કરવી તેમજ તેઓને પોલીસ અધિકારી દ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં સામાવાળાની બેંક, HDFC Bank ના ખાતા નંબરઃ50100352063854 માં રૂ.8900/– તથા HDFC Bank ના ખાતા નંબરઃ50100352063854 માં રૂ.100/–ની રકમ ફ્રિઝ થયેલ હોય જે રકમ અરજદારની બેંક, Kotak Mahindra Bank ના ખાતા નંબર/ક્રેડીટ કાર્ડ નંબરઃ 6245296826 મા જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

**શરતો–**

1. અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.
2. ઉપરોક્ત ખાતાધારક વ્યક્તિ સદર નાણા પર ક્લેઇમ કરે અને પોતાનો હક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.
3. સદર મુદ્દામાલ રકમનો કોઇ ગુનાહીત કામે ઉપયોગ કરવો/કરાવવો નહી.

હુકમ આજરોજ તા.૦૩જી, માહે જુન સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ શહેર
તારીખઃ૦૩/૦૬/૨૦૨૫

ઈ.ચા.૩૬માંએડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૪,અમદાવાદ શહેર